રાગ અને દ્વેષ જ્ઞાનને અવરોધક છે
- કબીર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૧૩, શનિવાર; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના ગગનમાંથી અગનવર્ષા

## મૌસમની સૌથી વધુ ગરમી સાથે શેકાઈ રહેલુ પાટનગર : લુ લાગવાના બનાવો વધ્યા

ગાંધીનગર, તા. ૩

છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી હીટવેવ વધુ ને વધુ આકરી બનતા ગાંધીનગર ગરમીના આંકડાઓમાં સૌથી ટોચ પર પહોંચી ગયું છે. ૪૨.૫ ડિગ્રી ગરમી સાથે પાટનગરમાં રાજ્યની હાઈએસ્ટ ગરમી નોંધાઈ હતી. ગરમીની ઘેરી અસર હેઠળ સમગ્ર શહેર સપડાતા માર્ગો સાવ ખાલીખમ્મ બની ગયા હતા.

આકાશમાંથી જાણે અંગારા ફેંકાતા હોય તેવી ગરમી પડી રહી છે. બળબળતા ઉનાળામાં શહેરનું જનજીવન ભારે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ગરમીએ જાણે હદ વટાવી દીધી હોય તેમ વસાહતીઓ અતિશય ગરમીથી ત્રસ્ત થઈ ગયા છે. ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબો અને ખુલ્લામાં કામ કરતા મજુર-કામદાર વર્ગને ગરમીથી સૌથી વધુ અસર થઈ છે. સન સ્ટ્રોકના કારણે બીમાર પડી જવાના બનાવો વધી રહ્યા છે. સનસ્ટ્રોકના દર્દીઓ સિવિલ અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે.

છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીની આસપાસ જ નોંધાઈ રહ્યું છે. આજે તો સવારથી જ લુ ફૂંકાવાની શરૂઆત થઈ ગઈ હતી. પવન હોવાથી લુ ફૂંકાતા ગરમીની અસર વધુ લાગતી હતી. લુ થી બચવા માટે વસાહતીઓ આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. સૂર્યાસ્ત થયા બાદ પણ મોડી સાંજ સુધી લુ ફૂંકાતી રહી હતી. વસાહતીઓએ ગરમાં પુરાઈ રહીને કુલર, એ.સી.ની ઠંડક મેળવવાના પ્રયત્નો કર્યા હતા.

સરકારી કચેરીઓમાં પણ ગરમીની અસર દેખાઈ હતી. ભારે ગરમીના કારણે કચેરીઓમાં એ.સી. પંખા ફુલસ્પીડે ફરવા માંડ્યા હતા. ઘણા કર્મચારીઓ-અધિકારીઓ રજા મુકી ગરમીથી બચવા ઘરે જ રહ્યા હતા. ઠંડા પાણી માટે ઓફિસોમાં લગાવેલા કુલરોમાં ઠંડુ પાણી પણ અવારનવાર ખલાસ થઈ જતું હતું. ઠંડુ પાણી ઘરેથી ભરી લાવવું પડે તેટલો વપરાશ વધ્યો હતો.

સતત ફેંકાતી લુ ની અસર પશુ-પક્ષીઓ પર પણ પડી હતી. પશુ પક્ષીઓએ વૃક્ષના છાંયાની ઓથ લઈ આખો દિવસ પસાર કર્યો હતો.

આજે ગાંધીનગરમાં મૌસમની સૌથી વધુ ગરમી ૪૨.૫ ડિગ્રી જેટલી નોંધાઈ હતી. જે રાજ્યમાં સૌથી વધુ

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગરમાં રાજ્યની સૌથી વધુ ગરમી : પારો ૪૨.૫ ડિગ્રી

### ક્યાં કેટલું તાપમાન

| | |
|---|---|
| ગાંધીનગર | ૪૨.૫ |
| અમદાવાદ | ૪૨.૪ |
| મોડાસા | ૪૨ |
| અમરેલી | ૪૧.૫ |
| બરોડા | ૪૧.૪ |
| સુરેન્દ્રનગર | ૪૧.૩ |
| રાજકોટ | ૪૦.૯ |
| કંડલા | ૪૦.૮ |
| ડીસા | ૪૦.૬ |
| ભાવનગર | ૩૯.૬ |
| મહુવા | ૩૮.૨ |
| સુરત-પોરબંદર | ૩૩.૪ |

## લૂ ફૂંકતી કાળઝાળ ગરમીથી એકનું મોત

ગાંધીનગરમાં આજે રેકોર્ડ બ્રેક ગરમી નોંધાવા પામી છે ત્યારે દિવસભર લૂ ફૂંકતી કાળઝાળ પડેલી ગરમીને પગલે હીટ-સ્ટ્રોક થઈ જવાના બનેલા કિસ્સાઓ ઉપરાંત એક વ્યક્તિનું ગરમીથી મૃત્યુ થયું હોવાનું પણ જાણવા મળ્યું છે. કલોલ તાલુકાના સઈજ ગામમાં રહેતા ૩૦ વર્ષીય રિક્ષાચાલક યુવાન ગણપતજી ગફુરજી ઠાકોર આજે ભર બપોરે તેમની રિક્ષા નં. જીજે-૧૮-એ.વી.૧૭૩૦ શેરથા હાઈવે પર પાર્ક કરીને પાછળની સીટમાં સુતા હતા ત્યાર બાદ અચાનક ગરમીમાં લૂ લાગી જતાં તેઓ ઉઠ્યા જ ન હતા. અન્ય રિક્ષાચાલકોએ મુસાફરો મુકવાની વર્ધી માટે તેને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો તો તે મૃત્યુ પામ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસને જાણ થતાં અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ રિક્ષાચાલક યુવાનનું મોત ગરમીથી થયું હોવાનું બહાર આવ્યું છે.

## રાજ્યના ૯ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ

અમદાવાદ, તા.૩

અમદાવાદ સહિત રાજ્યમાં આજે પણ કાળઝાળ ગરમીનું મોજું યથાવત રહ્યુ હતું. બપોરે લમણા શેકી નાખતી ગરમ લૂ ફૂંકાઈ હતી અને રસ્તા સુમસામ થઈ ગયા હતા. લોકોને ગરમીથી કોઈ રાહત મળશે નહીં. ગરમીથી બચવા માટે લોકો દ્વારા તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે સાથે સાથે બપોરના ગાળામાં રસ્તાઓ પર પણ ઓછી ભીડ જોવા મળી રહી છે. ગરમીથી બચવા લોકો બપોરમાં નીકળવાનું ટાળી રહ્યા છે. રાજ્યના ૯ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ગાંધીનગરમાં ૪૨.૫ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કાળઝાળ ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦વાગ્યે ૫૧ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૦ ટકા નોધાયુ હતુ. ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે. ગરમીને લઈને સામાન્ય લોકો ભારે પરેશાન રહેલા છે.



ગાંધીનગર ગ્રીષ્મ, ગરમાળો અને ગુલમહોરનું અનોખું સંયોજન... જેમ જેમ ગ્રીષ્મ ખીલતો જાય તેમ તેમ ગાંધીનગરમાં ગુલમહોર અને ગરમાળો વધુ ખીલતા જાય છે... નયનરમ્ય રંગોમાં ખીલતા ગરમાળાના ફુલો ગાંધીનગરને એક અનોખી ઓળખ આપે છે... નગરના માર્ગો ગરમાળાના પીળા ફુલો અને ગુલમહોરના લાલ ચટ્ટક ફુલોથી શોભી ઉઠે છે... (તસવીર : દિપક જાની)



(તસવીર : દિપક જાની)

મીઠી નિંદર - ટાઢ હોય, તાપ હોય અમે નિંદર કરવા ઘોડિયું ગમે ત્યાં બાંધી દઈએ છીએ... ગાંધીનગરમાં સ્વર્ણિમ પાર્કના ચાલી રહેલા કામના શ્રમિકોના બાળકોને બપોરે કાળજાળ ગરમીમાં આરામ અને નિંદર માટે શ્રમજીવી પરિવાર બે ઝાડ કે થાંભલાઓની વચ્ચે બાળકને મીઠીં નિંદર માણવા ઘોડિયું બાંધી દે છે....

# ગાંધીનગરમાં એક જ દિવસમાં ૧૧ માર્ગ અકસ્માત : ૨૦ થી વધુ ઘાયલ

## કાળઝાળ ગરમીની સીધી અસર વાહનચાલકોમાં દેખાઈ : દિવસભર ૧૦૮ દોડતી રહી : સિવિલનો ઈમર્જન્સી વોર્ડ ઉભરાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આજે ગરમીનો પારો રેકોર્ડ બ્રેક રહ્યો હતો ત્યારે તેની સીધી અસર વાહનચાલકોમાં જોવા મળી હતી. આંખોમાં બળતરાની સાથોસાથ માનસિક સંતુલન પણ ગરમીના કારણે ખોરવાયું છે. જેને કારણે પણ માર્ગ અકસ્માતો સર્જાયા હતા. આજે ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં નાના-મોટા ૧૧ જેટલા માર્ગ અકસ્માતના બનાવો બનવા પામ્યા હતા. જેમાં ૨૦ જેટલા વ્યક્તિો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકે ઓ.પી.ડી. સારવાર લીધી હતી. તો કેટલાક દાખલ થયા છે. સિવિલ હોસ્પિટલનો ઈમર્જન્સી વોર્ડ આખો દિવસ ભરચક રહ્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સ પણ દિનભર દોડતી જોવા મળી હતી. જો કે સદભાગ્યે આજના ભારે દિવસે સર્જાયેલા અકસ્માતોમાં એક પણ જાનહાનિ થવા પામી નથી.

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં આજના દિવસે અઢળક માર્ગ અકસ્માતો સર્જાયા હતા. એક જ દિવસમાં સાંજ સુધીમાં ૧૧ જેટલા નાના-મોટા સર્જાયેલ અકસ્માતોમાં ૨૦ થી વધુ વાહનચાલકોને ઈજાઓ થવા પામી હતી. જેમાં ચાર જેટલા બાઈકો સ્લીપ થઈ ગયાના કિસ્સાઓ પણ બન્યા હતા. ગાંધીનગર શહેરનાં ઘ-૭ થી પેથાપુર ચોકડી જતા માર્ગ બેફામ આવતા ડમ્પરે કોબા ખાતે કાર લઈને જાનમાં જઈ રહેલા એક પરિવારની કારને પાછળથી ટક્કર મારી હતી તે ઉપરાંત સે. ૨૧ એમ.એલ.એ. ક્વાર્ટર્સ નજીક સ્કૂલ બસ અને એસ્ટીમ કાર વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. તે ઉપરાંત કોર્ટ પાસે ઘ-માર્ગ પર ટ્રેક્ટર પાછળ બાઈક ઘુસી જતા એક્સિડન્ટ થયો હતો. તે ઉપરાંત ચ-૫ સહિત ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં નાના-મોટા ૧૧ જેટલા અકસ્માતો બનવા પામ્યા હતા. જેમાં ઘાયલ થયેલા ૨૦ જેટલા લોકો પૈકી કેટલાકે ઓ.પી.ડી. સારવાર લીધી હતી. તો કેટલાક દાખલ થયા છે. આજના ભારે દિવસે સર્જાયેલ અકસ્માતોમાં ઘાયલ થયેલા વ્યક્તિઓથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો ઈમર્જન્સી વોર્ડ ઉભરાયેલો રહ્યો હતો. જ્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ પણ દિવસભર દોડતી જોવા મળી હતી. સદનસીબે આજના અકસ્માતોમાં જાનહાનિનો એક પણ બનાવ બન્યો ન હતો.

### પેથાપુર રોડ પર યુવાનને અડફેટે લઈ કાર ચાલક ફરાર

ગઈકાલે રાત્રે ઘ-૭ થી પેથાપુર ચોકડી જવાના માર્ગ પરથી બેફામ ગતિએ પસાર થઈ રહેલી અજાણી કારના ચાલકે ૩૨ વર્ષના અજાણ્યા યુવાનને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધો હતો. યુવાનનું મૃત્યુ નિપજાવી કાર લઈને ચાલક ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે અજાણ્યા કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધીને તેની શોધખોળ શરૂ કરી છે અને બિનવારસી યુવાનનો મૃતદેહ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોલ્ડ રૂમમાં મુકી તેના વાલીવારસ શોધવા તજવીજ હાથ ધરી છે.

# ચોમાસાના આગોતરા આયોજનમાં ગ્રામસ્તર સુધી ડિઝાસ્ટર પ્લાન બનાવાશે

## જર્જરિત અને પડી જાય તેવા મકાનોના સર્વે કરી ઉતારી લેવા માટે તંત્રને કડક તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની સીઝનને લઈ ત્રણ અલગ અલગ આપત્તિ વ્યવસ્થાપન અંગેના અહેવાલો તૈયાર કરવામાં આવશે.

વિલેજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, શહેરી આપત્તિ વ્યવસ્થાપન અને તાલુકા આપત્તિ વ્યવસ્થાપન એમ ત્રણ પ્રકારના આ અહેવાલો તૈયાર કરવામાં આવશે.

અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયાના અધ્યક્ષસ્થાને આજે જિલ્લામાં પ્રિ-મોન્સુન આયોજન અંગેની મળેલ બેઠકમાં આ અંગેની જરૂરી સૂચનાઓ તંત્રના અધિકારીઓને આપવામાં આવી હતી.

આજે મળેલી બેઠકમાં જિલ્લામાં આવેલા જર્જરિત મકાનોનો સર્વે કરી અને તેને તાત્કાલિક ઉતારી લેવા માટેની કડક સૂચના આપવામાં આવી હતી. જેથી ચોમાસા દરમ્યાન કોઈ મોટી જાનહાની થાય નહિ. આ માટે ખાસ વિલેજ ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી હતી.

આજની આ બેઠકમાં ભારે વરસાદની સ્થિતિમાં લોકોને પીવાના પાણીની સુવિધા માટે ટેન્કરો પણ સ્ટેન્ડ બાય રાખવા ઉપરાંત નદી પટના ગ્રામ્ય વિસ્તારોમાં બચાવની કામગીરી માટે એલર્ટ રહેવા પણ તંત્રને જણાવ્યું હતું. આ માટે જરૂરી મોકડ્રીલ કરવાની જ સૂચના પણ આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આ માસના અંત સુધીમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેનો માસ્ટરપ્લાન તૈયાર કરી દેવામાં આવશે. આરોગ્ય વિભાગને પણ જરૂરી દવાનો જથ્થો તમામ દવાખાનાઓમાં ઉપલબ્ધ કરાવવા ઉપરાંત ખાસ ટીમો તૈયાર રાખવા પણ જણાવવામાં આવ્યું છે.

જિલ્લામાં આ વખતે દરેક તાલુકા દીઠ એક લાયઝન અધિકારીની નિમણુંક કરવામાં આવશે એટલું જ નહિ આ લાયઝન અધિકારીએ તાલુકા સાથે સતત સંપર્ક રાખવાનો રહેશે અને ત્યાં નોંધાતા વરસાદ અંગેનો અહેવાલ પણ જિલ્લાને આપવાનો રહેશે.

તંત્રએ જી.ઈ.બી.ને પણ પડી જાય તેવા થાંભલાઓ હોય તો તેને વ્યવસ્થિત કરવા તેમજ વરસાદમાં વીજળી નિયમિત મળે તેવી વ્યવસ્થા કરવા પણ જણાવવામાં આવ્યું છે.

૧લી જૂનથી જિલ્લા અને તાલુકા કક્ષાએ કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવામાં આવશે તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે લોકજાગૃતિ અભિયાન તંત્ર દ્વારા છેડવામાં આવશે.

**ઉત્તમ તક**

Beauty Parlours, Health Clubs અને Gyms માટે ઉત્તમ તક

કુદરતી ઉત્પાદનો સાથે વધારો સૌંદર્ય, શારીરિક/માનસિક સ્વાસ્થ્ય અને સ્નાયુ શક્તિ

સંપર્ક : - ૮૪૬૦૫ ૮૦૩૮૬ ૮૪૬૯૧ ૭૦૯૦૩

## બીજી જુને પેટાચૂંટણી

### રાજ્યમાં લોકસભાની પોરબંદર અને બનાસકાંઠા બેઠકો અને વિધાનસભાની ૪ બેઠકો ધોરાજી, જેતપુર, લીંબડી અને મોરવાહડક પર પેટાચૂંટણી યોજાશે

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં ફરી એકવાર ચૂંટણીઓનો માહોલ જામવાનો છે. દેશના ચૂંટણીપંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ચાર બેઠકો અને લોકસભામાં ગુજરાતની ખાલી પડેલી બે બેઠકોની ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવી છે. બીજી જુન ૨-૧૩ના રોજ ચૂંટણીઓ યોજાશે. આઠમી મેના રોજ આ અંગેનું જાહેરનામું બહાર પડશે. દરમિયાનમાં ચૂંટણીપંચની આજે થયેલી જાહેરાતના પગલે જ સંબંધીત જિલ્લામાં આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. રાષ્ટ્રીય ચૂંટણીપંચ દ્વારા ગુજરાતમાં મોરવાહડક, લિંબડી, ધોરાજી અને જેતપુર વિધાનસભા બેઠકો તથા લોકસભાની પોરબંદર અને બનાસકાંઠા બેઠકોની ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આઠ મેના રોજ જાહેરનામું બહાર પડશે. ૧૫ મે સુધીમાં ઉમેદવારીપત્ર નોંધાવી શકાશે. ૧૬મે ના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે અને ૧૮મે સુધીમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે. ૨જી જુન ૨૦૧૩ના રોજ સવારે ૮ થી ૫ દરમિયાન મતદાન હાથ ધરાશે. ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન દ્વારા મતદાનની પ્રક્રિયા થઈ શકશે. મતદાનના ત્રણ દિવસ બાદ એટલે કે ૫ જુનના રોજ મતગણતરી હાથ ધરાશે ત્યારે ભાજપ અને કોંગ્રેસને કેટલી બેઠકો મળે છે તે પરીણામના આધારે જાહેર થશે. ઉલ્લેખનીય છે કે મોરવાહડફની બેઠક કોંગ્રેસના ધારાસભ્ય સવિતાબેન ખાંટના નિધનને કારણે ખાલી પડી છે. સુરેન્દ્રનગર જીલ્લાની લિંબડી બેઠક

● અનુસંધાન પાન-૭ પર

### માણસામાંથી સ્વાઈન ફલુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાંથી આજે એક દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દી સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના અત્યાર સુધીમાં ૪૩ કેસ નોંધાયા છે.

**STUDY IN GERMANY**

- Master in Energy Managment
- Part time job possible
- Admission & Visa Guaranteed
- Free online Interactive Seminar from rector of University on 7th Nov.

Contact us for more info.

Contact : Tvarit Education

Phone : 094260 27933
info@tvariteducation.com
www.tvariteducation.com

## બેસણું



મારા ધર્મપત્ની **અ.સૌ. મધુબેન ભાનુપ્રસાદ ભટ્ટ (નિવૃત્ત પ્રા. શિક્ષિકા સે.૨૪/૨)**નો કૈલાસવાસ તા. ૧-૫-૧૩ને બુધવારના રોજ થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૬-૫-૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૨-૦૦ કલાક દરમિયાન રાખેલ છેતથા સુવાળાં તા. ૧૦-૫-૨૦૧૩ને શુક્રવારના રોજ** અમારા નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૨૬/૨, સેક્ટર-૨એ, સે.૧/૨ના બસ સ્ટોપ પાછળ, ગાંધીનગર. **મો. ૯૩૭૪૧ ૬૫૬૮૯**

**લી.**

**મનિષકુમાર ભાનુપ્રસાદ ભટ્ટ**
**(મનિષકુમાર મન મની ચેન્જર સર્વિસ પ્રા. લિ.)**
**આદિત્ય મનિષકુમાર ભટ્ટ**
**દેવાંગ મનિષકુમાર ભટ્ટ**
**ભાનુપ્રસાદ પોપટલાલ ભટ્ટ**
**રમેશકુમાર પોપટલાલ ભટ્ટ**
**અશીતકુમાર પોપટલાલ ભટ્ટ**

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

**લી. મુકુદરાય લલ્લુરામ જાની**